# નૃવંશવિજ્ઞાની (માનવશાસ્ત્રી)

એક નૃવંશવિજ્ઞાની માનવ ઉત્પતિ, સંસ્કૃતિ, રિવાજો અને મનુષ્યોના એકબીજા સાથેના સંબંધોનો અભ્યાસ કરવામાં રૂચિ ધરાવે છે. તેઓ લોકો પરસ્પર કેવી રીતે ક્રિયા-પ્રતિક્રિયાઓ આપે છે તેનો અભ્યાસ કરે છે. માનવ જે વર્તણૂંક દાખવે તે શા માટે આ પ્રકારની વર્તણૂંક દાખવે છે તે સમજવા માટે તેમનું પર્યાવરણ કેવું છે, તેઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી કલાકૃતિઓ વગેરેને સમજવાનો પ્રયાસ કરે છે. તેઓ માનવજાતને લગતી માહિતીનું સંશોધન, એકત્રીકરણ અને મૂલ્યાંકન કરીને આ ક્ષેત્રોનો અભ્યાસ કરે છે. તેઓ સાંસ્કૃતિક માનવશાસ્ત્ર અથવા પુરાતત્ત્વશાસ્ત્ર જેવા ક્ષેત્ર પૈકીના ચોક્કસ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. તેઓ માનવ સંસ્કૃતિઓ વિશે માહિતી એકત્ર કરવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે જેમાં સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓનું અવલોકન, સહભાગીઓની મુલાકાત અને ખોદકામના સ્થળોએ મળેલી કલાકૃતિઓનું વિશ્લેષણ કરવાનો સમાવેશ થાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમે પ્રોત્સાહિત કરો છો અને વિવિધ સંસ્કૃતિઓ વિશે જાણવામાં રસ ધરાવો છો
- તમને સમસ્યાઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે



આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧૨,૦૦૦ થી ૧,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. હ્યુમૅનિટિઝમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. આર્ટ્સમાં, નૃવંશવિજ્ઞાન વિષય સાથે સ્નાતક (BA)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ અનુસ્નાતકની ડિગ્રી મેળવો, અને પછી માનવશાસ્ત્રમાં પી.એચ.ડી. પૂર્ણ કરો.

**અથવા**

સામાજિક વિજ્ઞાન / હ્યુમેનિટીઝમાં સ્નાતક (BA/ B.Sc.)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ સમાન વિષય સાથે અનુસ્નાતકની ડિગ્રી મેળવો, અને પછી નૃવંશવિજ્ઞાનમાં પી.એચ.ડી. પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

નૃવંશવિજ્ઞાનીનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૫,૬૦૦ થી ૩૯,૧૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://bit.ly/3DmVh4X

NCS Code: NA, CCode: SS017

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** એન્થ્રોપોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા, સંશોધન સંસ્થાઓ, પ્રકાશન ગૃહો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સંગ્રહાલયો

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં, પ્રયોગશાળાઓમાં અથવા ફિલ્ડમાં કામ કરો તેવી શક્યતા છે. ફિલ્ડવર્ક માટે લાંબા સમય સુધી મુસાફરી કરવાની જરૂર પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → નૃવંશવિજ્ઞાની, સાંસ્કૃતિક → વરિષ્ઠ નૃવંશવિજ્ઞાની → વિભાગના વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સોશિયલ એન્થ્રોપોલોજીસ્ટ, કલ્ચરલ એન્થ્રોપોલોજીસ્ટ, એથનોગ્રાફર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ એન્થ્રોપોલોજી વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. રાંચી કોલેજ, રાંચી
૨. આર્ય વિદ્યાપીઠ કોલેજ, ગુવાહાટી
૩. ડિબ્રુગઢ હનુમાનબક્ષ સૂરજમલ્લ કનોઈ કોલેજ, ડિબ્રુગઢ
૪. ધકુઆખાના કોલેજ, આસામ
૫. એમ.એસ.યુ., વડોદરા
૬. નોર્થ-ઈસ્ટર્ન હિલ યુનિવર્સિટી, મેઘાલય
૭. ગુરુ ઘાસીદાસ સેન્ટ્રલ યુનિવર્સિટી, છત્તીસગઢ
૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૨. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
૩. દેવભૂમિ ઉત્તરાખંડ યુનિવર્સિટી, દેહરાદૂન
૪. સિમ્બાયોસિસ સ્કૂલ ઓફ લિબરલ આર્ટ, પુણે
૫. અશોકા યુનિવર્સિટી, સોનેપત
૬. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૭. કલિંગ ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સ, ભુવનેશ્વર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ડૉ મધુમાલા ચટ્ટોપાધ્યાય** એક ભારતીય નૃવંશશાસ્ત્રી/માનવ વિજ્ઞાની છે જે આંદામાન અને નિકોબાર ટાપુઓના મૂળ નિવાસીઓના નિષ્ણાત છે. વર્ષ ૧૯૯૧માં, ચટ્ટોપાધ્યાય અને તેમના સહયોગીઓ સેન્ટીનેલીઝ લોકો સાથે શાંતિપૂર્ણ સંપર્ક સ્થાપનાર સૌ પ્રથમ બહારી લોકો હતા. તેણીના અભ્યાસ પછી, તેણી એક સંશોધક તરીકે અને બાદમાં વરિષ્ઠ ફેલો તરીકે એન્થ્રોપોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા (એ.એન.એસ. આઈ.)માં જોડાયા. મધુમાલા તેની પ્રથમ ફિલ્ડ વિઝિટને યાદ કરતા કહે છે કે, "હું જ્યારે પહેલીવાર કાર નિકોબારમાં ગઈ હતી, ત્યારે લોકો ખૂબ જ મિલનસાર હતા. મેં ત્યાં ત્રણ મહિના ગાળ્યા અને તેમની ભાષા શીખવાનો પ્રયાસ કર્યો. તેઓ હાવભાવ દ્વારા દર્શાવશે જેમ કે 'શું તમારે પાણી જોઈએ છે?' અને જવાબમાં હું પણ હાવભાવ કરતી. ધીમે ધીમે, મેં મહત્વપૂર્ણ શબ્દો અને શબ્દસમૂહો શીખ્યા. પછી હું પોર્ટ બ્લેર પરત આવી અને ડેટાનું વિશ્લેષણ કર્યું." *

સ્રોત:https://www.ndtv.com/india-news/woman-anthropologist-madhumala-chattopadhyay-made-first-friendly-contact-with-andamans-sentinelese-t-1958313

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.